# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16/05/2026** **Morning : 7.10 to 7.20**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિદ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસ રાજ્યની મુલાકાતે - વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા અને લોકાર્પણ કરશે.**
2. **ગુજરાતને મળ્યો દેશનો પ્રથમ સેમી હાઈ-સ્પીડ રેલ કોરિડોર, અમદાવાદ–ધોલેરા સેમી હાઈ-સ્પીડ કોરિડોરને કેન્દ્રની મંજૂરી**
3. **નાગરિકોને બિનજરૂરી સંગ્રહખોરી અને ગભરાટમાં ખરીદી ન કરવા રાજ્ય સરકારની અપીલ.**
4. **રાજ્યમાં આજથી વિવિધ માર્ગ પર 300 નવી ST બસ દોડાવાશે.**
5. **રાજ્યમાં ગરમીનો પ્રકોપ યથાવત - સૌરાષ્ટ્ર વિસ્તારમાં હિટવેવની આગાહી.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# AMIT SHAH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસ રાજ્યની મુલાકાતે આવશે. શ્રી શાહ વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા અને લોકાર્પણ કરશે. આજે તેઓ તેમના  લોકસભા મતવિસ્તારમાં  વૃક્ષારોપણ કાર્યોની સમીક્ષા બેઠક કરશે. તેઓ સરખેજ ગાંધીનગર હાઈવેના આધુનિકીકરણના કાર્યો અને ગાંધીનગર લોકસભા વિસ્તારોના તળાવોના જીર્ણોદ્ધાર અને પરસ્પર જોડાણમા થયેલી પ્રગતિની સમીક્ષા કરશે.

શ્રી શાહ ગાંધીનગર લોકસભા તેમજ માણસા નગરપાલિકા અને સાર્વજનિક હોસ્પિટલોની  કામગીરીમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરશે.   આ ઉપરાંત તેઓ તેમના લોકસભા મતવિસ્તારમા સમાવિષ્ટ ઘાટલોડિયા , નારણપુરા, વેજલપુર,અને સાબરમતીના અમદાવાદ મનપાના ચૂંટાયેલા કોર્પોરેટરો સાથે બેઠક કરશે.

આ સાથે જ શ્રી શાહ આવતીકાલે  ગાંધીનગર જિલ્લાના દશેલા ખાતે  128 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલ મધુર ડેરીના કુલ્લી ઓટોમેટીક મિલ્ક પ્રોસેસિંગ અને પેકેજીંગ પ્લાન્ટનું લોકાર્પણ કરવાના છે. આ પ્રસંગે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ,નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત નેતાઓ હાજર રહેશે. જેને લઈ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણી વધુ માહીતી આપી રહ્યા છે.

BYTE – JITU VAGHANI

..............................

# CENTRAL CABINET GUJARAT

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી આર્થિક બાબતોની મંત્રિમંડળીય સમિતિએ અમદાવાદ (સરખેજ) – ધોલેરા સેમી હાઈ-સ્પીડ ડબલ લાઇન રેલવે પ્રોજેક્ટને ઐતિહાસિક મંજૂરી આપી છે.

અંદાજે 20 હજાર 667 કરોડના ખર્ચવાળો આ પ્રોજેક્ટ ભારતીય રેલવેનો પ્રથમ સ્વદેશી ટેકનોલોજી આધારિત સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ હશે. લગભગ 134 કિલોમીટર લાંબી આ નવી ડબલ રેલ લાઇન અમદાવાદ, ધોલેરા SIR, આવનાર ધોલેરા આંતરરાષ્ટ્રીય વિમાનમથક તથા લોથલ ખાતે આવેલા નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સને આધુનિક રેલ કનેક્ટિવિટી આપશે. આ કોરિડોર પર કુલ 13 સ્ટેશનો વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટને આગામી 4 વર્ષમાં પૂર્ણ કરવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે.

આ અંગે રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું "અમદાવાદ–ધોલેરા સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ માત્ર એક રેલ લાઇન નથી, પરંતુ 'ન્યૂ ઈન્ડિયા'ની આધુનિક, ઝડપી અને આત્મનિર્ભર પરિવહન વ્યવસ્થાનું પ્રતિક છે.
ગુજરાત સરકારના મુખ્ય સચિવ મનોજ કુમાર દાસે જણાવ્યું આ પ્રોજેક્ટ' ધોલેરાના વિકાસને એક નવી ઊંચાઈ પર લઈ જશે. આ પ્રોજેક્ટના પરિણામે સાબરમતીથી ધોલેરા એરપોર્ટ સુધીનું અંતર માત્ર 48 મિનિટમાં અને સરખેજથી ધોલેરા એરપોર્ટ સુધીનો સમય માત્ર 38 મિનિટમાં કાપી શકાશે. અમદાવાદ મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશે આ અંગે જણાવ્યું કે,

BYTE – VED PRAKASH

……………………………

# CABINET DECISION OVERALL

રાજ્ય સરકારે નાગરિકોને બિનજરૂરી સંગ્રહખોરી અને ગભરાટમાં આવીને ખરીદી ન કરવા અપીલ કરી. ગાંધીનગરમાં ગઇકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતા પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું , સરકારી અધિકારીઓને વર્ચ્યૂઅલ બેઠક યોજવા, બિનજરૂરી વિદેશ પ્રવાસ ટાળવા જણાવાયું છે.

આ બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને અન્ય રાજ્યોમાં યોજાનાર બેઠકમાં ઓનલાઇન જોડાવાનું સૂચન આપવામાં આવ્યું છે. દરેક અધિકારી પાસે માત્ર એક વાહન રહેશે અને બાકીના વાહનો જમા કરાવ વા ફરજિયાત રહેશે. જાહેર વાહનોના ઉપયોગ પર પણ ભાર મૂકાયો છે. સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમો હવે વર્ચ્યુઅલ માધ્યમથી યોજવા પર ભાર મુકાયો છે. જ્યારે જરૂરિયાત મુજબ વર્ક ફ્રોમ હોમ એટલે કે , ઘરેથી કામ કરવાનો નિર્ણય લેવા દરેક વિભાગના વડાને જાણ કરી હોવાનું શ્રી વાઘાણીએ જણાવ્યું.

BYTE – JITU VAGHANI CABINET

મંત્રીમંડળની બેઠકમાં રાજ્યના પેટ્રોલ અને ડીઝલના જથ્થાની દેખરેખની જવાબદારી મુખ્યસચિવને સોંપવા તેમજ આગામી છ મહિનામાં તમામ સરકારી કૅન્ટિનમાં પાઈપ્ડ ગેસ જોડાણ – PNG ફરજિયાત બનાવવાનો પણ નિર્ણય કરાયો છે.

..............................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................................

# VALSAD- ANKLESHWER PETROL

રાજ્યમાં પેટ્રોલ-ડીઝલની અછત ની અફવાઓ વચ્ચે અફરાતફરીનો માહોલ સર્જાતા તંત્ર સજ્જ બન્યુ છે.

જે અંતર્ગત વલસાડ જિલ્લામાં છેલ્લા બે દિવસથી પેટ્રોલ અને ડીઝલની અછત સર્જાવાની અફવા ફેલાઈ રહી છે. આ અફવાને કારણે પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. સામાન્ય રીતે સાત દિવસ ચાલે તેટલો પેટ્રોલનો જથ્થો વલસાડના લોકોએ માત્ર 24 કલાકમાં ભરાવી દીધો છે , જેના કારણે તંત્ર સક્રિય બન્યું છે. અને લોકોને અફવાઓથી દૂર રહેવા માટે પુરવઠા અધિકારી ડી એસ બારીયાએ વધુમાં માહિતી આપી હતી...

BYTE- D.S. BARIA- SUPPLY OFFICER

આ સાથે જ અંકલેશ્વરમાં પેટ્રોલ અને ડીઝલની અછતની અફવાઓને લઈ સવારથી જ શહેર અને તાલુકાના વિવિધ પેટ્રોલપંપો પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી.. શહેરમાં વધતી માંગને ધ્યાનમાં રાખી કેટલાક પેટ્રોલપંપ

સંચાલકોએ વાહન દીઠ માત્ર 2 લીટર પેટ્રોલ આપવાની વ્યવસ્થા શરૂ કરી છે, જેથી વધુમાં વધુ લોકોને ઇંધણ ઉપલબ્ધ થઈ શકે. છેલ્લા બે દિવસથી ડીઝલની અછતને કારણે ખેડૂતો તથા વાહનચાલકો બંને ચિંતામાં મુકાયા છે. આગામી દિવસોમાં પુરવઠો નિયમિત થશે કે નહીં તે અંગે લોકોમાં અનિશ્ચિતતા જોવા મળી રહી છે.

..............................

# ST NEW BUSES

રાજ્યમાં આ જથી વિવિધ મા ર્ગો પર 300 નવી ST બસ દોડાવાશે. ગાંધીનગરમાં આ અંગેની જાહેરાત કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઈંધણ બચાવોની અપીલને ધ્યાને રાખી ઉદ્ઘાટન કે ભવ્ય સમારોહ વિના મુખ્યમંત્રીના "ઝીરો સેરેમની" સંકલ્પ હેઠળ આ તમામ બસ સીધી જ કાર્યરત્ કરાશે.

શ્રી સંઘવીએ વધુમાં કહ્યું , સરકારી કર્મચારીઓને કોઈ પણ બેઠક માટે ગાંધીનગર નહીં બોલાવવા પણ સરકારે નિર્ણય કર્યો છે.

..............................

# BHARUCH RTE

ભરૂચ જિલ્લામાં RTE અંતર્ગત ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો પાસેથી એફઆરસીના નિયમ સિવાય ફી વસુલનાર શાળા સામે ડી.ઇ.ઓ કચેરી દ્વારા પગલાં લેવામાં આવશે. કેટલીક શાળાઓ યુનિફોર્મ , નોટબુક સહિત અલગ અલગ એક્ટિવિટીના નામે ફી ઉઘરાવતી હોઈ છે જે સરકારના નિયમની વિરુદ્ધ છે ત્યારે આવી પરિસ્થિતિમાં વાલીઓ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં લેખિત ફરિયાદ કરવામાં આવશે તો એ શાળાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. જેને લઈને વધુ માહિતી આપી હતી જિલ્લા શિક્ષણાધિકારી સ્વાતિબા રાઓલે

BYTE : SWATIBA RAOL-DISTRICT EDUCATION OFFICER

..............................

# GUJARAT- WEATHER

રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સના કારણે પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે. જેના કારણે આગામી દિવસોમાં રાજ્યનું વાતાવરણ સૂકું રહેશે. જોકે ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની સંભાવના છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે.

કચ્છ, ભાવનગર, ગીર સોમનાથ , દીવ અને દ્વારકા જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગઈકાલે રાજ્યના 15 જેટલા શહેરોમા મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી વધુ નોંધાયુ હતું. સૌથી વધુ 45 ડિગ્રી મહત્તમ તાપમાન ભાવનગરમાં, અમદાવાદમા 44, કંડલા એરપોર્ટ, ગાંધીનગર, અમરેલી, વડોદરા, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં 43 ડિગ્રી તાપમાન નોંધાયુ હતું.

જોકે, આગામી 24 કલાક બાદ રાજ્યના તાપમાનમાં અંદાજે 2 થી 3 ડિગ્રી સુધી ઘટાડો થવાની શક્યતા છે.

..............................